શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62



તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

માર્ચ-૨૦૧૪ અંક - ૩ વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૦૬
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

# પંચોલી નવયુગ અંક અર્પણ



**સ્વ.મંજુલાબેન બિપીનચંદ્ર મિસ્ત્રી**
**બીલીમોરા**
**જન્મ તા. ૦૨.૦૩.૧૯૪૦**

## -: માઁ :-

ઘરનાં દરેક સભ્યોનાં આવવાના સમયે રાહ જોતી માઁ,
દરેકના ભાવતા ભોજન બનાવતી માઁ,
દરેકની ખુશીમાં ખુશ રહેતી માઁ,
દરેકની મુશ્કેલીમાં સાથ આપી, તેની સામે મુકાબલો કરવાની પ્રેરણા આપતી માઁ,
બરાબર બપોરના બે વાગ્યે મમ્મી/દાદી/નાની 'રહા'ના પડઘા આજે પણ ઘરમાં ગુંજે છે...
તારી યાદ કેમે કરી ભુલાતી નથી.
તું તો ઘરમાંથી ગઈ અને બધાનાં દિલમાં વસી ગઈ...

## Happy Birthday

**સ્વીટુ - પૌલોમી**
**પ્રિતી - તેજસ**
**પારૂલ - શ્રેયા - શ્રેય**

# Best Wishes for 50th Birthday

# Parul & Hitesh

B'Dt. 06-01-1964 B'Dt. 24-03-1964



From :-

Prasant V. Gandhi
Padma P. Gandhi
Hersit Hitesh Gandhi [BE Comp.]
Siddhi Hitesh Gandhi
Rakesh P. Gandhi
Rita R. Gandhi
Megha R. Gandhi [BE EC]
Dhruv R. Gandhi

Main Bazar,
Vyara




Rameshbhai N. Pancholi
Madhuben R. Pancholi
Diplesh R. Pancholi
Sangita D. Pancholi
Jaymin D. Pancholi [BE EC]
Mansi D. Pancholi [BE Civil]

Uma Colony
Vaghodiya Road
Vadodara

# પરિણયની પગદંડી પર ડગ ભરતા







## અંકિત – પ્રિયા

**તા. ૧૭.ર.ર૦૧૪, સોમવાર**
**ને અમારા અંતરના શુભાશિષ**



શ્રી યોગેશભાઇ ભગવાનજી મિસ્ત્રી
શ્રીમતિ નિતાબેન યોગેશભાઇ મિસ્ત્રી
તથા સમસ્ત પરિવારજનો

સી–૪૦૧, સાર્થક રેસીડન્સી,
CNG પંપની પાછળ, રામેશ્વર
રેસીડન્સી પાસે એલ.પી.સવાણીરોડ, સુરત



સ્વ. અનિલભાઇ સન્મુખભાઇ પંચોલી
ગં.સ્વ. ઉર્વશીબેન અનિલભાઇ પંચોલી
કુ. ધ્રુવી અનિલકુમાર પંચોલી
તથા સમસ્ત પરિવારજનો

મેઇન બજાર, વ્યારા

# તંત્રીશ્રીની કલમે......

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો.

વસંતના આગમન બાદ હોળીનું આગમન થાય અને હોળી એટલે આસુરી તત્વો પર દૈવી તત્વોનો વિજય.. આ પર્વને ધ્યાનમાં લઇ આપણે પણ આપણાંમાં રહેલ કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, ઈર્ષા જેવા આસુરી તત્વોનો નાશ કરી હોળીના બીજા દિવસે ધુળેટીના રંગે રંગાઇ જઇ, એકબીજા વચ્ચેની દુશ્મનાવટનો અંત લાવી એકબીજા સાથે હળી મળીને સમાજની વિવિધ પ્રવૃત્તિઓ રૂપી રંગોમાં રંગાઇ જઇએ અને સમાજને પ્રગતિના પંથે લઇ જઇએ એજ આજના દિવસે અભ્યર્થના.....

માર્ચ મહિનાની શરૂઆત એટલે પરીક્ષાની મોસમ.. દરેક જગ્યાએ પરીક્ષાની જ વાતો થતી હોય છે... જેટલું ટેન્સન બાળકોને પરીક્ષાનું હોય કદાચ એના કરતા વધારે ટેન્સન એમના માતા-પિતાન હોય છે.... પરંતુ દરેક માતા-પિતા અને વિદ્યાર્થી મિત્રોને એક જ વિનંતી કે ધીરજ રાખજો... જે દિવસો મળે એમાં એકાગ્રતા કેળવી વધુને વધુ અભ્યાસ કરજો, વિદ્યાર્થી મિત્રો શાંતિથી પરીક્ષા આપજો... દરેક વિદ્યાર્થીઓ સારા માર્કસ સાથે ઉર્તિણ થાય એવી હાર્દિક શુભેચ્છાઓ... HSC અને SSCના વિદ્યાર્થીઓ પરીક્ષામાં ખાસ ધ્યાન આપે આ એમની ભવિષ્યની કારકિર્દીનું વર્ષ છે.... ત્યારબાદ તમે તમારા મનગમતા ક્ષેત્રમાં જઇ શકો છો... સર્વે વિદ્યાર્થીઓને ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ...

તા. ૯.૨.૨૦૧૪ના રોજ વિધવા નિરાધાર ભાઇ-બહેનોનો ત્રિદિવસીય પ્રવાસ ગાંધીનગર-અક્ષરધામ, મહુડી, ખેડબ્રહ્મા-અંબાજી, અંબાજી, શામળાજી, ડાકોર અને સારસાનો પ્રવાસ તા. ૧૧મી ફેબ્રુઆરી -૨૦૧૪ના રોજ નિર્વિઘ્ને સંપન્ન થયો.....આ પ્રવાસનો ખર્ચ યુ.કે. નિવાસી જ્ઞાતિજનોએ આપ્યો.... અને એનું આયોજન મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ અને તેમની ટીમે સુંદર રીતે કર્યુ... આ પ્રવાસમાં અમુક લોકો તો પ્રથમવાર જ પ્રવાસમાં ગયા હતા.. અને કહેવત છે તેમ ‘હુકમ કરો તો જ જાતરાઓ થાય’....આવા સુંદર વિચારની રજુઆત, તેને મૂર્તિમંદ સ્વરૂપ, આયોજનો અને પ્રવાસની સફળતા....રામાયણના કાળમાં શ્રવણેતો ફકત એના માતા-પિતાને જ કાવડમાં બેસાડી જાત્રા કરાવી હતી.. પરંતુ યુ.કેના શ્રવણો અને મહામંડળના તથા વ્યારાના શ્રવણોએ તો સુંદર લકઝરીયસ યાત્રા કરાવી.. યાત્રાળુઓના અંતરના આર્શિવાદના તેઓ ખરેખરા અધિકારી છે જ.. ત્યારે કહેવાનું મન થાય...કે

હું તો તરસી, શોધમાં હતી પાણીની,
ત્યાં જ રણમાં એક વિરડી મળી ગઇ......

ખૂબ ખૂબ ધન્યવાદ....મનિષભાઇ અને તેમની ટીમનાં તેમજ યુ.કે સમાજના જે જ્ઞાતિજનોએ આમાં આર્થિક સહાય કરી છે......કાર્યકાળની કારકિર્દીની યશકલગીમાં વધુ એક સુવર્ણપીચ્છ..... અસ્તુ...

એક અનુકરણિય કરવા જેવી સુંદર વાત છે....આપણા માજી તંત્રીશ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રીના સુપુત્ર શ્રી યોગેશભાઇ ભગવાનદાસ મિસ્ત્રી-સુરત, એમને ત્યાં એમની સુપુત્રી ચિ. પ્રિયાનો શુભલગ્ન પ્રસંગ ઉજવાય ગયો...એમણે એમના સ્વજનોને લગ્ન પ્રસંગે વિદાયગીરી આપી.. એવી રીતે એમણે પંચોલી સેવા સમાજ મહામંડળની સંલગ્ન સંસ્થા જેવી કે સી. ટી. સ્મારક નિધિ-રૂા. ૨૦૦૦/- , તબીબી સેવા સંકુલ રૂા. ૨૦૦૦/-, પંચોલી સેવા સમાજ મહામંડળ વિધવા સહાય-રૂા. ૨૦૦૦/- અને પંચોલી નવયુગને રૂા. ૨૦૦૦ તથા નવયુગ અંકઅર્પણના રૂા. ૨૦૦૦/- એમ કુલ ૧૦,૦૦૦/- આપીને એક ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું છે....

જ્ઞાતિજનો છે ને સુંદર અને સરાહનીય કાર્ય..... આપને ત્યાં પણ આવતા આવા પ્રસંગોએ આ બધી સંસ્થાઓને જરૂરથી યાદ કરજો.. અને નવયુગને તો ખાશ....આશા રાખુ છું કે પ્રસંગોપાત ફુલ નહીને ફુલની પાંખડી આપતા રહેશો......

દિનેશભાઇ એમ. મિસ્ત્રી
તંત્રી-પંચોલી નવયુગ



# પ્રમુખ નોંધ......

મનિષભાઈ એમ. પંચોલી
પ્રમુખ - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

પ્રમુખ નોંધ....

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને મારા નમસ્કાર,

ઠંડી ની મઝા માણ્યા બાદ ધીમે-ધીમે આપણે સૌ હોળીના તહેવારની ઉજવણી તરફ આગળ વધી રહ્યા છીએ. વિદ્યાર્થી મિત્રો પરીક્ષાની તૈયારીમાં પડ્યા હશે. સૌ વિદ્યાર્થી મિત્રો સમયનો સદ્ ઉપયોગ કરી પોતાની કારકિર્દી બનાવવા માટે આગળ વધે, અને સૌ વિદ્યાર્થી મિત્રો પરીક્ષામાં સારા માર્ક્સ સાથે ઉર્તિણ થાય એવી શુભેચ્છાઓ પાઠવું છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આયોજીત અને યુ.કે. નિવાસી કેટલાક ભાઈઓના સહકાર થી મહામંડળ તથા યુ.કે. વિધવા સમિતિ માંથી સહાય લેતા વિધવા - નિરાધાર ભાઈ-બહેનો નો એક ધાર્મિક પ્રવાસ તા. ૦૯.૦૨.૨૦૧૪ થી તા. ૧૧.૦૨.૨૦૧૪ દિન-૩ નું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજપીપળા - હરિસિધ્ધી માતાનું મંદિર, પોઇચા-નિલકંઠેશ્વર મંદિર, ગાંધીનગર-અક્ષર ધામ, મહુડી-જૈન તીર્થધામ , ખેડ બ્રહ્મા-અંબાજી મંદિર , અંબાજી , શામળાજી, ડાકોર તથા સારસાના ધાર્મિક સ્થળોનાં દર્શન કરાવવામાં આવ્યા. મહામંડળનાં ઈતિહાસમાં કદાચ આવા પ્રથમ પ્રવાસનું આયોજન થયું હશે. પ્રવાસમાં ભાગ લેનાર સૌ ભાઈ-બહેનો એ બહુ જ સારી રીતે પ્રવાસને માણી દર્શન કર્યા. આ પ્રવાસ માટે સહાય રૂપ થનાર યુ.કે.ના મિત્રોનો હું હાર્દિક આભાર માનું છું. આ પ્રવાસનાં આયોજનમાં સહાયરૂપ થનાર વ્યારાનાં ભરતભાઈ પંચોલી, સુમનભાઈ મિસ્ત્રી, નવિનભાઈ પંચોલી, ભદ્રેશભાઈ મિસ્ત્રી , હર્ષવદનભાઈ મિસ્ત્રી , રાજેશભાઈ પંચોલી, અંકલેશ્વરનાં ડૉ. મહેશભાઈ મિસ્ત્રી તેમજ રાજપીપળાનાં ચંદ્રકાંતભાઈ તથા અનિલભાઈ પંચોલીનો પણ આભાર માનું છું. જે તે એકમનાં પ્રમુખશ્રી/મંત્રીશ્રીઓએ પણ સહકાર આપ્યો, સર્વેનો આભાર માનું છું ફરી યુ.કે.ના સહાયરૂપ થનાર સૌ મિત્રોનો આભાર માનુ છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ ધ્વારા આપણે શૈક્ષણિક , મેડીકલ અને વિધવા સામાજીક સહાય જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને કરતાં આવ્યા છીએ.

મહામંડળ પાસે મર્યાદિત વ્યાજ વપરાશ ફંડ હોવાથી આપણે પૂરતા પ્રમાણમાં સહાયરૂપ બની શકતા નથી ફકત સામાન્ય સહાયરૂપ થતાં આવ્યા છે. આજે કારમી મોંઘવારીમાં જે રકમ આપણે સહાયરૂપ થઈએ છે તે રકમની કોઈ કિંમત નથી ફકત આપણે સહાય આપીએ છીએ એમ માની સંતોષ માનીયે છીએ. મિત્રો, મહામંડળ તેની કારકિર્દી નાં ૫૦ વર્ષો પૂર્ણ કરી ૫૧ માં વર્ષમાં પ્રવેશી ચૂકયું છે ત્યારે સ્વર્ણિમ જયંતિની ઉજવણી અને તેની યાદગીરી રૂપે આપણે એક ફંડ ઉભુ કરવાની જરૂરિયાત જણાય છે જ્ઞાતિજનો પાસે આપણે ફંડ માટે કોઈક રકમ લઈ શકીયે અથવા તો અમુક વર્ષ માટે દર વર્ષે રૂા. ૧૦૦૦/- નાં ગુણાંક માં રકમ લઈને તે જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને પૂરતા પ્રમાણમાં મદદરૂપ થવાના પ્રયાસ કરી શકીયે. મિત્રો, આપણા સમાજના જે વિદ્યાર્થી અભ્યાસમાં હોશિયાર હોય, પરંતુ તેની આર્થિક સ્થિતી સારી ન હોય તેવા વિદ્યાર્થીને અભ્યાસ માટે સહાયરૂપ થવા પણ આગળ આવવા જ્ઞાતિજનોને અપીલ કરૂ છું. મિત્રો, આપણા સહકાર થી એક કુટુંબ ની જિંદગી આપણે બદલી શકીયે એમ છે. ફંડ ઉભુ કરવા તથા મદદરૂપ થવા માટે આપણે સૌ ભેગા મળી કઈ રીતે આયોજન કરી શકીયે તે માટે તમારા સુચનો પણ આવકાર્ય છે. મને આશા છે કે આપ સૌ જ્ઞાતિજનો મારા સુચન સાથે સહમત થઈ એક સામાજિક કાર્યને નવો અભિગમ અપનાવી નવી દિશા આપવામાં સહભાગી થશો.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં નેજા હેઠળ પાલ વિભાગમાં એક અધિવેશન કરવાની ઈચ્છા રાખુ છું. પાલ વિભાગના યુવાન મિત્રો, વડીલો તથા મહિલા મંડળની બહેનો આ કાર્ય માટે આગળ આવે અને આપણે સૌ ભેગા મળી એક સુંદર અધિવેશન કરીયે. પાલ વિભાગ ના કાર્યકર મિત્રો આ અંગે વિચારણા કરશો અને અધિવેશન કરવા માટે આગળ આવે એવી ઈચ્છા વ્યક્ત કરૂ છું. આવો આપણે સૌ ભેગા મળી સમાજના સામાજિક કાર્યો ને આગળ લઈ જઈ નવી દિશા આપવા સહયોગી થઈએ.

અસ્તુ.

મનિષભાઈ એમ. પંચોલી
પ્રમુખ - શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

**શબ્દકોશમાં બીજા બધા
શબ્દોના અર્થ મળી શકે
પણ જીવનનો અર્થ
જીવન જીવીને
અને સંબંધનો અર્થ
સંબંધ નિભાવીને જ શોધવો પડે છે.**

# પાંચમી પૂણ્યતિથિએ હૃદયાંજલી

## ૐ શાંતિ..... ૐ શાંતિ..... ૐ શાંતિ......



**સ્વ. યોગેશચંદ્ર બી. પંચોલી**

**જન્મ : તા. ૧-૪-૧૯૪૫ અક્ષરવાસ : તા. ૨૨-૨-૨૦૦૯**

આશિર્વાદ છે પિતાના ચરણોમાં, શાબાશી છે પિતાના કરમાં !
હૂંફ છે પિતાની બાથમાં, સલામતિ છે પિતાના છાયડામાં !
હિંમત છે પિતાની વાણીમાં, તાકાત છે પિતાના શબ્દોમાં !
દ્રષ્ટિ છે પિતાની આંખોમાં, 'અમે' છે એવા પિતાના ઘરમાં...!
પાંચમી પૂણ્યતિથિએ અર્પણ કરીએ છીએ અમારા સૌની હૃદયાંજલી

## અર્પણકર્તા

ગં.સ્વ. ભદ્રાબેન યોગેશભાઈ પંચોલી

તેજસ વાય. પંચોલી
દિપાલી ટી. પંચોલી
ચિ. કર્ણવ - માલવ
541 Reeves Way Blvd
Stouffville, Ontario,
Canada L4A 0H1
૦૦૧-૪૧૬-૬૦૯ ૦૮૯૫

ભાવિન વાય. પંચોલી
નેહા બી. પંચોલી
ચિ. વંશ
12A, Vatsalya Apartment,
Opp Indraprastha 8,
Nr. Tulip Bunglows,
Surdhara Circle,Thaltej, Ahmedabad
૦૭૯-૨૭૪૬૨૨૫૬

કશ્યપ વી. મપારા
કાજલ કે. મપારા
ચિ. દેવાંશ
Gold B701,
Samruddhi Residency,
Opp Zadeshwar Bus Stop,
Bharuch
૦૯૭૨૭૭૫૮૩૯૭

# હાર્દિક શુભેચ્છાઓ



ચિ. હેમિલ – અ.સૌ. રચના
તા. ૧૫.૨.૨૦૧૪ના રોજ તેરમી મેરેજ એનીવર્સરી
નિમિતે હાર્દિક શુભેચ્છાઓ....

**શુભેચ્છક**

સ્વ. મણીબા
બાબુભાઈ એચ. પંચોલી
જયોત્સનાબેન બી. પંચોલી
સુથારવાડ, અંકલેશ્વર
ફોન : ૦૨૬૪૬-૩૨૨૨૧૭
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

**સ્વ. અંબુદાદા – સ્વ. ગુલાબ બા**

મહેશભાઈ એ. મિસ્ત્રી
હંસાબેન એમ. મિસ્ત્રી
ચિ. તુષાર એમ. મિસ્ત્રી
ચિ. જૈવિક
K-703,"Durvas" Opp. D'Mart,
Yeshwant Viva Township, Vasai,
Nalasopara, Link Road, Vasai(East) 401 209
Mo. +919321105674

# બીજી વાર્ષિક પુણ્યતિથિએ હૃદયાંજલિ



## સ્વ. ડો. તેજલબેન પંચોલી

જન્મ : ૨૯.૪.૨૦૮૩ (હનુમાન જયંતિ)
સ્વ. ૩૦.૩.૨૦૧૨ (દુર્ગાષ્ટમી)

દિવસો વિત્યા, બીજુ વર્ષ વિત્યુ, વર્ષો વર્ષ વિતી જાશે,
છતાં યાદ તમારી , અકબંધ રહેશે...
અચાનક જ ‘તેજલ’ આપ અમારી વચ્ચેથી અનંતયાત્રાએ
નિકળી ગયા ! હર પળે, હર ક્ષણે, કયાંય પણ, કયારે પણ,
ઝંખીએ છીએ આપને, હર હંમેશ સમયવિતતો જાશે,
પણ યાદ તમારી અમારા હૃદયમાં સદાય રહેશે.
‘તેજલ’ બેટા દેહ ભલે અદ્રશ્ય થયો પણ, તમારી યાદ, સ્મૃતિ,
તમારો પ્રેમ, તમારા બાળપણથી અંતિમયાત્રા સુધીના સંસ્મરણો
ચિરઃકાળ અમારા હૃદયે રહેશે. પહેલા આંખમાં આસું આવતા
અને ‘તેજલ’ તું યાદ આવતી, હવે તેજલ તુ યાદ આવે છે
અને આંખમાં સતત અશ્રુધારા વહે છે.
આવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ તેમજ શાશ્વત
સુખ અર્પે એજ હૃદયની અંતઃકરણ પૂર્વકની પ્રાર્થના...
શ્રી રાધા-કૃષ્ણ તમારા આત્માને નિજ ધામમાં,
ચરણકમળમાં નિવાસ આપે એજ હૃદયાંજલિ

લિ. આપના જ
શ્રી કનુભાઈ ચંદુલાલ પંચોલી અ.સૌ. કુસુમબેન કે. પંચોલી
શ્રી બ્રિજેશકુમાર કનુભાઈ પંચોલી અ.સૌ. હિરલબેન બી. પંચોલી
ચિ. આર્ષ (આશુ) બી. પંચોલી
વડોદરા

## ૨૫મી મેરેજએનીવર્સરી



**શ્રીમતિ અલૌકીબેન તથા શ્રી સંજયભાઈ**
**તા. ૦૪.૦૩.૨૦૧૪**

લગ્નજીવનની ૨૫મી ઍનીવર્સરીએ
આપનું લગ્નજીવન સુખમય અને આનંદમય
સાથે ઉલ્લાસમય રહે ઍવા શુભાશિષ
અર્પણકર્તા
શ્રીમતિ જશુબૅન અને શ્રી મુકુંદચંદ્ર જરીવાલા
પરિવાર-સુરત
ગં.સ્વ. શારદાબૅન તથા સ્વ. જયંતભાઈ મિસ્ત્રી
પરિવાર અમદાવાદ

## *First Happy Birthday...*



**ચિ. તિર્થ અલ્પેશકુમાર પંચોલી**

તા.૨.૩.૨૦૧૪ના રૉજ પ્રથમ વર્ષગાંઠે હાર્દિક શુભાશિષ
શ્રી જયંતિભાઈ બી. પંચૉલી
શ્રીમતિ વિણાબૅન જયંતિલાલ પંચૉલી
શ્રી અલ્પૅશકુમાર જયંતિલાલ પંચૉલી
શ્રીમતિ ખુશ્બૂબૅન અલ્પૅશકુમાર પંચૉલી
શ્રી વિપુલકુમાર જયંતિલાલ પંચૉલી
દૌલતબજાર, માતૃછાયા, રાજપીપલા
મૉ. : ૯૯૯૮૭ ૪૮૭૯૩

## કુર્યાત સદા મંગલમ્



અમારી લાડલી સુપુત્રી
**ચિ. મૌસુકી** સાથે **ચિ. ધર્મેશકુમાર**
(રાજકૉટ નિવાસી
શ્રી મહૅન્દ્રભાઈ પી. કૉઠારીના સુપુત્ર)

નવા સંબંધૉ અને સંબૉધનૉના
વિશ્વમાં લગ્ન માંગલ્ય દ્વારા જૉડાયા.
અનૅક શુભૅચ્છાઑ સહ શુભાશિષ

**બંકીમ એન. પંચોલી - મો. ૯૪૨૯૦ ૨૯૦૯૯**
**ચૌલા બી. પંચોલી-ફોનઃ૦૭૯-૨૬૮૫૦૭૦૦**
**ચિ. પાર્થ - ચિ. પૃથ્વી**

૬-સ્પ્રીગ ફીલ્ડ રો હાઉસીસ,
જજીઝ બંગલો રોડ, પ્રેમચંદનગર સામે,
બોડકદેવ, અમદાવાદ-૧૫

# પંચોલી નવયુગ

પંચોલી નવયુગના ચાહકો દિન પ્રતિદિન વધતા જાય છે... અને નવયુગની ઝીણામાં ઝીણી માહિતી પણ રાખે છે... અગાઉ ટેલીફોન ડિરેક્ટરી બહાર પડી હતી તો એનું ઝીણવટ ભર્યુ સંશોધન સુરતના જતીનભાઇ આર. પંચોલીએ કર્યુ અને એમાં કેટલા ફોનધારકો, કેટલા મોબાઇલ ધારોકનું વિશ્લેષણ કર્યુ હતું... એવું જ બીજુ વિશ્લેષણ આપણા મહામંડળના માજીપ્રમુખશ્રી કુમારભાઇ મિસ્ત્રીએ નવયુગના દિપોત્સવી અંકમાં વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૩માં કયા ગામમાંથી કેટલી જાહેરાતો મળી એ માટેના આ બન્ને નવયુગના દિપોત્સવી અંકનો ઝીણવટ ભર્યો અભ્યાસ કર્યો અને માહિતી મોકલી છે એ સંપૂર્ણ રજુ કરવુ અશક્ય છે પરંતુ એના તારણરૂપે માહિતી આપુ છું....

નવયુગમાં બે વિભાગ રાખ્યા છે જેમાં દક્ષિણ વિભાગ મુંબઇથી સુરત(બારડોલી-વ્યારા-સોનગઢ નવાપુરસાથે) ઉત્તર વિભાગમાં અંકલેશ્વરથી અમદાવાદ (પાલવિભાગ સાથે)

જેમાં વર્ષ ૨૦૧૧માં દક્ષિણવિભાગમાંથી ૮૧ પાનાની જાહેરાત મળી છે... ઉત્તરવિભાગમાંથી ૯૪ પાનાની જાહેરાત મળી છે...

વર્ષ ૨૦૧૩માં દક્ષિણ વિભાગમાંથી ૭૭ પાના જાહેરાત મળી છે અને ઉત્તર વિભાગમાંથી ૯૪ પાનાની જાહેરાત મળી છે... ઘણી જ સુંદર વાત છે કે નવયુગને જ્ઞાતિજનો પોતાનું માનીને ખોબલે ખોબલે દાન આપે છે... પરંતુ આ દાનો દર વર્ષે અમુક ચોક્કસ ગામો આપે છે એજ છે. એમાં વધારો થવો જરૂરી છે.... ગ્રામ્ય વિસ્તારમાંથી જાહેરાતોની કમી તથા અમુક મોટા એકમોની પણ જાહેરાત નથી આવતી... જો આમ જ રહેશે તો નવયુગ ચલાવવું મુશ્કેલ બનશે.... વધતી જતી મોંઘવારીનો સર્વેને ખ્યાલ છે જ, અને દર વર્ષે કેટલી મોંઘવારી વધે છે એનો પણ ખ્યાલ પણ છે જ.... તો જ્ઞાતિજનોને વિનંતી કે બને એટલા દરેક નવયુગ મેળવતા જ્ઞાતિજનો નવયુગને જાહેરાત કે ભેટ સોગાદોથી નવાજે.... તો આપણે એને 'યાવદ્ચંદ્રો દિવાકર' સુધી ચલાવી શકીશું... જરૂર છે તમારા સાથ અને સહકારની...

ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારો જાગૃતતા કેળવી અને નવયુગની પ્રગતિમાં સહાયરૂપ બને એવી આશા અસ્થાને નથી...

## સ્વયં ગ્રુપ - પિકનીક

દરેક એકમોમાં સ્વયં ગ્રુપની શરૂઆત થઇ રહી છે. અને જ્યાં ગ્રુપ થયા છે તે ધીરે ધીરે સક્રિય પણ થઇ રહ્યા છે. હજુ પણ ઘણાં એકમોમાં સ્વયં(યુવમ) ગ્રુપની સ્થાપના ન થઇ હોય તો તુરત જ શરૂઆત કરશો...

મે વેકેશન દરમ્યાન 'સ્વયં ગ્રુપ' દ્વારા ભરૂચ નજદિક આવેલ સુપ્રસિદ્ધ કબીરવડ-નર્મદા કિનારે એક પીકનીકનું આયોજન વિચાર્યુ છે.. આપના એકમમાંથી પીકનીકમાં જોડાવા ઇચ્છતા હોય તેમણે સ્વયં અધ્યક્ષા મૃદુતા મિસ્ત્રીને જાણ કરવા વિનંતી...

વધુ વિગતવાર માહિતી એપ્રીલ માસના અંકમાં પ્રકાશિત થશે...

મૃદુતા મિસ્ત્રી
મો. ૯૯૨૪૨ ૧૧૭૨૨

## અનુકરણિય

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત અને શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ અને આકાંક્ષા-રના અતિથિવિશેષનું સ્થાન શોભાવનાર વ્યારાના શ્રી જયેશભાઇ મોહનભાઇ ગાંધીના સુપુત્ર શ્રી અક્ષરકુમાર તરફથી અતિથિવિશેષ સ્થાનેથી રૂા. ૫,૦૦૦/- ભેટ મળી છે....

ઉપરોક્ત ભેટ બદલ શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર ખૂબ ખૂબ આભાર.... માને છે..

જયારે પણ મહામંડળ સ્વયં ગ્રુપ દ્વારા જયાં પણ કાર્યક્રમ યોજાશે ત્યારે રૂા. ૫,૦૦૦/- આપવાની સંમતિ દર્શાવી છે..... આભાર

# અવિસ્મરણિય પ્રવાસ





શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ આયોજીત અને યુ.કે. નિવાસી કેટલાક ભાઈઓના સહકારથી મહામંડળ તથા યુ. કે. વિધવા નિરાધાર સમિતિમાંથી સહાય મેળવતા વિધવા-નિરાધાર ભાઈ-બહેનોના ત્રિદિવસીય ધાર્મિક પ્રવાસનું આયોજન તા. ૯-૨ઃ-૦૧૪ થી તા. ૧૧-૨-૨૦૧૪ સુધી કરવામાં આવ્યું હતું જેમાં રાજપીપળા-હરિસિધ્ધમાતાનું મંદિર, પોઈચા-સ્વામીનારાયણ મંદિર , ગાંધીનગર-અક્ષરધામ , મહુડી-જૈન તીર્થધામ, ખેડબ્રહ્મા-અંબાજી મંદિર, અંબાજી, શામળાજી, ડાકોર તથા સારસાના ધાર્મિક સ્થળોના દર્શન કરાવ્યા હતા. કાર્યકર્તાઓ સાથે કુલ-૯૦ જ્ઞાતિજનો આ પ્રવાસમાં જોડાયા.

સૌ પ્રથમ ગણદેવી, બિલીમોરા, નવસારીની બહેનોને ગણદેવીના પ્રમુખ ચિન્તુકુમાર ભગુભાઈ મિસ્ત્રી દ્વારા પોતાની મારૂતીવાનમાં લઈને તા. ૮-૨-૨૦૧૪ ના રોજ વ્યારા મુકામે લઈને આવ્યા. સુરત અને નવાપુરની બહેનો બસ મારફત વ્યારા આવ્યા, તેઓને રહેવાની વ્યવસ્થા વ્યારાના સતૂકૈવલ મંદિરમાં જ્ઞાતિના શ્રી હર્ષવદનભાઈ મિસ્ત્રીના સહકારથી કરવામાં આવી. રાત્રી ભોજન કરી વ્યારાની બહેનો સાથે તા. ૯-૨-૨૦૧૪ના રોજ સવારે ૫ : ૩૦ કલાકે વ્યારા થી પ્રવાસની શરૂઆત કરી. રાજપીપળા મુકામે હરિસિધ્ધ માતાના મંદિરે પહોંચ્યા, રાજપીપળા અને તેની આજુબાજુની બહેનો પણ રાજપીપળા ભેગા થયા, સૌ સાથે ભેગા મળી માતાજીના દર્શન કર્યા. ત્યારબાદ સૌએ સેવ-ખમણી અને ચ્હા-કોફીનો અલ્પાહાર કર્યો. આ સમયે રાજપીપળા એકમના હોદ્દેદારો તથા કારોબારી સભ્યો દ્વારા ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું અને સૌ પ્રવાસીઓને શુભેચ્છા પ્રતિકરૂપે બેટરી આપવામાં આવી.

ત્યારબાદ પ્રવાસ આગળ વધારતા નર્મદા નદીના સુંદર રમણીય વાતાવરણમાં પોઈચા મુકામે સ્વામીનારાયણ મંદિરના દર્શન કર્યા. ટુંક સમય પહેલા પ્રાણપ્રતિષ્ઠિત થયેલ આ મંદિરના દર્શન કરવાનો લ્હાવો માણી સૌ આનંદ થી ભાવ -વિભોર થયા બાદ ડભોઈ મુકામે સંખેડા, બહાદુરપુર, બોડેલી, જબુગામ, તેજગઢ તથા અન્ય એકમના ભાઈ-બહેનોને પ્રવાસ માં લઈ વડોદરા મુકામે પહોંચ્યા. જયાં અંકલેશ્વર થી આવેલ ડો. મહેશભાઈ મિસ્ત્રી પ્રવાસમાં આવનાર બહેનને લઈને આવ્યા હતા. ત્યાં વડોદરા એકમના પ્રમુખશ્રી પદ્માકાંતભાઈ તથા ખજાનચી બોર્ડના સભ્ય શ્રી અશ્વિનભાઈ પંચોલીએ સૌ પ્રવાસીઓનું સ્વાગત કર્યુ, બપોરના ભોજનનો સૌ ભેગા મળીને આનંદ માણ્યો, ભોજન બાદ વડોદરાના પદ્માકાંતભાઈ તથા અશ્વિનભાઈ તરફથી સૌ પ્રવાસીઓને આઈસ્ક્રીમ આપવામાં આવ્યું. પ્રવાસને આગળ વધારતા ગાંધીનગર અક્ષરધામ પર સાંજે ૫:૦૦ કલાકે પહોંચ્યા, જયાં અક્ષરધામ પરિસરમાં ફર્યા અને સાંજે ૮:૦૦ કલાકે ૪૫ મિનિટ નો લેસર-શો નિહાળ્યો. જે જોઈ સૌ આનંદચકિત થઈ જીંદગીમાં સૌ પ્રથમવાર આવા કાર્યક્રમને માણવાનો આનંદ પ્રાપ્ત કર્યો. સૌને પ્રેમવતી અલ્પાહારમાં રાત્રી ભોજન કરાવી ગાંધીનગર કોબા મુકામે જૈન તીર્થધામમાં રાત્રી મુકામ કરાવ્યો, જયાં કોઈને અગવડ ન પડે તે પ્રમાણેની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

તા. ૧૦-૨-૨૦૧૪ના રોજ બીજા દિવસે સવારે ૭:૩૦ કલાકે પ્રવાસની શરૂઆત કરી મહુડી મુકામે આવેલ સુપ્રસિદ્ધ જૈન તીર્થ ધામમાં ઘંટાકર્ણસ્વામીના દર્શન કર્યા. ત્યાં ચ્હા-કોફી-બિસ્કીટ તથા સુખડીનો સ્વાદ માણી ખેડબ્રહ્મા મુકામે અંબાજી માતાના દર્શનાર્થે પહોચ્યા. સૌએ દર્શન કરી બપોરનું ભોજન લીધુ અને અંબાજી પહોંચ્યા અંબાજીમાં સુર્યા પેલેસ હોટલમાં સૌને રહેવાની વ્યવસ્થા કરી. જયાં આરામ કર્યા બાદ માતાજીના દર્શનાર્થે સૌને લઈ ગયા અને અંબાજીમાં ફરવા માટે સૌને સમય આપ્યો. રાત્રી ભોજન માટે ૮:૩૦ કલાકે હોટલ મધુરમ ડાઈનીંગ હોલમાં જમવાની વ્યવસ્થા કરી. અંબાજી રાત્રી મુકામ કરી તા. ૧૧-૨-૨૦૧૪ ના રોજ સવારે ૭:૩૦ કલાકે નિકળી શામળાજી મુકામે પહોંચ્યા. ત્યાંથી દર્શન

નવયુગ શુભચિંતક શ્રી હરકીશનદાસ ઝીણાભાઈ પંચોલી વ્યારા શીવા ડાઈનીંગ સર્વિસ વ્યારા

લાભ લઇ ડાકોર ૧૨:૩૦ કલાકે પહોંચ્યા અને બપોરનું ભોજન લીધું.

સૌ સાથે ભેગા મળીને પ્રવાસના આયોજન માટેની માહિતી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઇ પંચોલીએ સૌને જણાવી. જેમાં આ પ્રવાસના અયોજન માટે આપણા યુ.કે.માં વસતા કેટલાક જ્ઞાતિજનોએ ભેગા મળી દેશમાં રહેતા વિધવા-ભાઇ-બહેનોને ધાર્મિક પ્રવાસ કરાવવાની ભાવનાથી આ પ્રવાસ માટેની રકમ મોકલવામાં આવી જે માટે આપણા સૌ તરફથી તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. પ્રવાસમાં જોડાયેલ બહેનો તરફથી આવા પ્રવાસનું આયોજન કરવા બદલ આનંદની લાગણી વ્યકત કરી તથા મહામંડળના કાર્યકર્તાઓ તથા યુ.કે. ના ભાઇઓનો આભાર માન્યો. કેટલીક બહેનોને આવા પ્રવાસનો લાભ સૌ પ્રથમવાર મળવા બદલ ભાવ-વિભોર બની ગદગદ થઇ ગયા હતાં. પ્રવાસમાં જોડાનાર સૌ કાર્યકર્તાઓનો આભાર વ્યકત કર્યો. ભાગ લેનાર પ્રવાસી ઓના એકમનાં પ્રમુખશ્રી-મંત્રીશ્રીઓના સહકાર બદલ આભારની લાગણી વ્યકત કરી.

પ્રવાસની સ્મૃતિરૂપે અંબાજી માતાનો પંચધાતુનો સિકકો દરેક પ્રવાસીઓને આપવામાં આવ્યો. દર્શનનો સમય સાંજે ૪:૦૦કલાકે હોવાથી સૌ બજારમાં ફર્યા અને દર્શન કરી ૫:૦૦ કલાકે ડાકોર થી નીકળી સારસા-સતૂકેવલ મંદિરના દર્શનાર્થે પહોંચ્યા.

પ્રવાસના અંતિમ તબકકામાં વડોદરા મુકામે નિઝામપુરા બસ સ્ટેશન પર અંકલેશ્વર, સુરત , નવસારી, ગણદેવી , બિલીમોરાની બહેનોને ઘરે સારી રીતે પહોંચી શકે તે હેતુ થી બસમાં બેસાડી આગળ વધ્યા અને વડોદરાના બહેનોને પરત ઉતારી ડભોઇ મુકામે થોડા બહેનોને સંખેડાના કિશનભાઇ પંચોલીના સહકારથી ત્યાં થઇ પરત લઇ જવા માટે ઉતાર્યા અને પરત ફરીથી રાજપીપળા હરિસિધ્ધ માતાના મંદિરે આવ્યા. જયાં રાજપીપળાના પ્રમુખશ્રી સુરેશભાઇ પંચોલી તરફથી આવેલ ગરમાગરમ બટાકાપૌવાનો અલ્પાહાર કરાવ્યો. પ્રવાસની પૂર્ણાહુતી કરી વ્યારા રાત્રે ૧:૦૦ કલાકે પરત આવ્યા.

આ સમગ્ર પ્રવાસમાં વ્યારાના મનિષભાઇ પંચોલી, ભરતભાઇ પંચોલી, સુમનભાઇ મિસ્ત્રી, હર્ષવદનભાઇ મિસ્ત્રી, રાજેશભાઇ પંચોલી તથા રાજપીપળાના ચંદ્રકાંતભાઇ પંચોલી અને અનિલભાઇ પંચોલી એ ખુબ જ જહેમતથી પ્રવાસના આયોજનમાં સહભાગી થયા હતાં.

સમગ્ર પ્રવાસ દરમ્યાન સૌ એકબીજા સાથે હળીમળીને વિધવા-ભાઇ બહેનો ને પ્રવાસ કરાવવા માટે મદદરૂપ થયા. તેમજ બસ પ્રવાસ સિવાય વ્યારાના ભદ્રેશભાઇ મિસ્ત્રી તરફથી પ્રવાસની વ્યવસ્થા માટે પોતાની ગાડીમાં ફકત ડિઝલ વપરાશના ખર્ચમાં ફરી આવ્યા. સંખેડાના કિશનભાઇ તરફથી રૂા. ૫૦૧/- દાન રૂપે મળ્યા છે.

સમગ્ર પ્રવાસને સફળ બનાવવા માટે સૌ કાર્યકર્તા તથા પ્રવાસમાં જોડાનાર ભાઇ-બહેનો તથા પ્રવાસ માટે સહાયરૂપ થનાર યુ.કે.ના જ્ઞાતિજનોનો આભાર વ્યકત કરીએ છીએ.

## ચાંદોદનું ગૌરવ



ચાંદોદ નિવાસી ધર્મેશકુમાર ચંદ્રકાંતભાઇ પંચોલીની ડભોઇ તાલુકાના બક્ષીપંચ મોરચાના ભા.જ.પ.ના કા.મહામંત્રી તરીકે નિમણૂક થતા ચાંદોદ પંચોલી સમાજ આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે... તથા ઉત્તરોત્તર પ્રગતિ માટેની હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે..

## પ્રથમ પૂણ્યતિથિએ હૃદયાંજલિ



**સ્વ. ગં.સ્વ. સવિતાબેન ગોવિંદદાસ મિસ્ત્રી**
સ્વર્ગવાસ : ૧૭.૩.૧૩

બિપીનચંદ્ર જી. મિસ્ત્રી જયશ્રીબેન બી. મિસ્ત્રી
ધવલ બી. મિસ્ત્રી - વર્ષ ૨૮
દેવાંગ બી. મિસ્ત્રી - ૨૬
જગદીશકુમાર જી. પંચોલી દક્ષાબેન જે. મિસ્ત્રી
મિતેશ જે. મિસ્ત્રી - ૧૮
બિનિતા જે. મિસ્ત્રી - ૧૭
બીલીમોરા

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી
વર્ષ ૨૦૧૪-૧૫

**ઉપરોકત ટ્રસ્ટ માટે મુ. સ્વ. છગનલાલ ઘેલાભાઈ મિસ્ત્રી એ રૂા. ૫,૫૫,૫૫૫નું દાન આપી પ્રસ્થાપિત કરેલ છે.**



**સ્વ. છગનભાઈ ઘેલાભાઈ મિસ્ત્રી-મુંબઈ**



**સ્વ. લીલાવતીબેન છગનભાઈ મિસ્ત્રી-મુંબઈ**

## ઉદ્દેશ્ય

(૧) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ મુળ ભંડોળ (કોપર્સ ફંડ) માં રીઝર્વ તરીકે જમા કરાવવી.

(૨) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. બેન ગજરાબેન ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ વિકલાંગોને અથવા જરૂરીઆતમંદ વ્યકિતઓને વૈદકિય સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૩) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના પિતાશ્રી ઘેલાભાઇ જગજીવનદાસ અને માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ (નિરાધાર) વ્યકિતઓને આર્થિક સહાય અર્થે સરખે હિસ્સે આપવી.

(૪) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના સ્વ. છગનભાઇ ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિના ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૫) ૨૦% વ્યાજની વાર્ષિક ઉપજ ટ્રસ્ટના મુળ સંસ્થાપકના ધર્મપત્નિ સ્વ. લીલાવતીબેન છગનભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે જ્ઞાતિની ૧૦ જરૂરીઆતમંદ વિદ્યાર્થીનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે સરખે હિસ્સે આપવી.

(૬) ૧૦% વ્યાજની વાર્ષિક ઉપજ આ ટ્રસ્ટના વહીવટી ખર્ચ અંગે વાપરવી.

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

**શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી**

**વર્ષ ૨૦૧૪-૧૫**

## અરજીપત્ર

અરજદારનું નામ : ..............................................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ..........................................................................................

સંપૂર્ણ સરનામું : ................................................................................................................

.......................................................................................................................................

........................................................... જીલ્લો : .............. રાજ્ય : .................

પીનકોડ : .......................... ફોન : .....................................................................................

બેંકનું નામ : ...............................બ્રાંચ :...................... A/c No. :.............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ....................................................................

.......................................................................................................................................

કુટુંબમાં કમાનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ...........................

(૨) ............................... માસિક આવક ...........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન ................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી .......................

સાક્ષીનું નામ : ...........................................................................................................

સ્થળ : ....................................... સાક્ષીની સહી : ..........................................

### ભલામણપત્ર

શ્રી/શ્રીમતી..................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**

C/o. પ્રેમીમોહન એજન્સી, ૪૬૦ પહેે બાપુરાવ માર્ગ, સીંધીલેન કોર્નર, મુંબઈ ૪૦૦ ૦૦૪

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી ૩૧ મે પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી સેવા સમાજ બારડોલી

શ્રી પંચોલી સેવા સમાજ બારડોલીની મિટીંગ તા. ૨૬.૧.૨૦૧૪ના રોજ શ્રી જેશલભાઇ એન. મિસ્ત્રીના નવા નિવાસસ્થાને યોજવામાં આવી હતી. મિટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આજની મિટીંગનું અધ્યક્ષ સ્થાન શ્રી જેસલભાઇ નરેન્દ્રભાઇ મિસ્ત્રીએ શોભાવ્યું હતું.

બારડોલી એકમના પ્રમુખશ્રી પુષ્પકાંતભાઇએ સૌને આવકાર્યા હતા તથા નવા પ્રમુખની વરણી કરવા માટે વિનંતી કરી હતી. એમની રજુઆતને વધાવીને બારડોલી એકમના નવા પ્રમુખ તરીકે શ્રી પિન્ટુભાઇ જયંતભાઇ મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. અને મંત્રી તરીકે જેસલભાઇ એન. મિસ્ત્રીને ફરી મંત્રી તરીકેનો કાર્યભાર ચાલુ રાખવાનો નકકી કરવામાં આવ્યો. અતિથિ તરીકે પધારેલ શ્રી ચેતનભાઇ વી. પંચોલી-ભરૂચ અને શ્રી ભૂપેન્દ્રભાઇ વી. પંચોલી-સુરતનું સ્વાગત કરવામાં આવ્યું. શ્રી ચેતનભાઇએ બારડોલી એકમના વિકાસ માટે અને મહિલામંડળને સક્રિય કરવાના સુચન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

સાંસ્કૃતિક કાર્યક્રમમાં કરાઓકે અને વિવિધ રમતોનો સૌએ આનંદ માણ્યો હતો. ચિ. ઓમ જેસલભાઇ મિસ્ત્રીએ નેશનલ લેવલે કરાટેમાં બે સિલ્વર મેડલ મેળવ્યા તે નિમિત્તે એમનું બહુમાન કરવામાં આવ્યું. યુવાન ડીગ્રી હોલ્ડરોનું પણ પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું જેમાં ડો. મોહિની મિસ્ત્રી-BDS, બ્રિજેશ મિસ્ત્રી B.E.Compture, નિતિક્ષા પંચોલી B.E.Elecrical, કિંજલ પંચોલી Dip. Electrical. એકમના દરેક સભ્યોની બર્થડેઇટ અને મેરેજ એનીવર્સરીની માહિતી ભેગી કરવામાં આવી હતી. અંતમાં આભાર દર્શન બાદ ભોજન લઇ છુટા પડયા. આજના પ્રસંગે નીચે મુજબનું દાન મળ્યું હતું.

૨૫૧ બ્રિજેશકુમાર નિલેશભાઇ મિસ્ત્રી
૨૫૧ મોહિની યોગેશભાઇ મિસ્ત્રી
૧૦૧ શ્યામકુમાર છનુભાઇ પંચોલી
૨૫૧ જેસલભાઇ એન મિસ્ત્રી
૨૫૧ પિન્ટુભાઇ જે. મિસ્ત્રી
૧૫૧ પુષ્પકાંતભાઇ વિ. પંચોલી
૧૫૧ રતિલાલ ડે. પંચોલી
૧૫૧ મેહુલકુમાર એ. ગાંધી
૧૫૧ ચેતનભાઇ વિ. પંચોલી-ભરૂચ
૧૫૧ ભુપેન્દ્રભાઇ વિ. પંચોલી-સુરત
૧૫૧ નિતિનભાઇ મિસ્ત્રી
૧૫૧ હરિશભાઇ ભગવાનદાસ મિસ્ત્રી
૧૫૧ હિનાબેન પંચોલી
૨૫૧ હસમુખભાઇ મિસ્ત્રી.

નવા વરાયેલા પ્રમુખશ્રી તથા મંત્રીશ્રીનું સરનામુ
શ્રી પિન્ટુભાઇ જયંતભાઇ મિસ્ત્રી-પ્રમુખશ્રી
૫૩૩/૧, રામનગર, ગાંધીરોડ, બારડોલી-૩૯૪૬૦૧
મો. ૯૯૨૪૪ ૨૭૭૪૪ email:pintumistry@yahoo.com
શ્રી જેસલભાઇ એન. મિસ્ત્રી-મંત્રીશ્રી
૩-૪, શાલીગ્રામ સોસાયટી, રંગઅવધૂત મંદિર સામે,
કડોદરોડ, બારડોલી-૩૯૪ ૬૦૧
મો. ૯૮૯૮૧ ૯૯૧૪૧

## શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ-વડોદરા

શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ વડોદરાનો જાન્યુઆરી-૨૦૧૪નો સમૂહ જન્મોત્સવ શ્રી સુરેશચંદ્ર સી. પંચોલીના ચંદ્રનગર સો.ના નિવાસ સ્થાને તા. ૨૬.૧.૨૦૧૪ના રોજ યોજાયો. જન્મોત્સવ પ્રારંભે શ્રીમતિ ઉર્મિલાબેને દીપ પ્રગટાવ્યો. શ્રીમતિ તૃપ્તિબેને પ્રાર્થના કરી. મંડળના પ્રમુખશ્રી મધુસુદનભાઇએ સૌને આવકારી શુભેચ્છાઓ પાઠવી. જન્મોત્સવમાં વધુ ભાઇ બહેનો ઉપસ્થિત રહે અને કાર્યકરોનો ઉત્સાહ વધારવા અપીલ કરી. સમાજના સ્વર્ગસ્થ શ્રી નગીનદાસ હિંમતલાલ પંચોલી(છોટાઉદેપુર) શ્રીમતિ ઉષાબેન પંચોલીના આત્માની શાંતિ અર્થે બે મિનિટ મૌન પાડી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી. જન્મોત્સવી ભાઇ-બહેનોનું ગુલાબના પુષ્પ આપી અભિવાદન કરવામાં આવ્યું. પૌત્રી ચિ. લિપ્સાની આજ દિવસે વર્ષગાંઠ હોય સૌ વડિલોએ તેને આશીર્વાદ પાઠવ્યા. તેમજ અગામી એસ.એસ.સી., એચ.એસ.સી.ના પરીક્ષાર્થીઓને પરીક્ષાની ઉત્તમ સફળતા માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. યજમાનશ્રી સુરેશભાઇનો જન્મદિવસ આ સાથે ઉજવવામાં આવ્યો.

